# TRCH21
# TRANSLATION EXAMINATION
## OCTOBER-2021

**TIME : 09.00 AM TO 11.30 AM** **TOTAL MARKS : 100**

---

**Instructions :** (1) There are two separate Answer books for Part-I and Part-II.
(2) Please read the instructions given on Part-I Answer book.
(3) Read the instructions given through Questions and Answer in relevant Answer book.

## PART-I

1 Translate the following passages into Gujarati : (any four) **24**

(1) We may state with profit that principles of natural justice should neither be treated with absolute rigidity nor should they be imprisoned in a straight-jacket. It has been held in Ajit Kumar Nag V/s. General Manager (PJ), Indian Oil Corpn. Ltd., Haldia and Others, (2005) 7 SCC 764, that the maxim audi alteram partem cannot be invoked if the import of such maxim would have the effect of paralyzing the administrative process or where the need for promptitude or the urgency so demands. It has been stated therein that the approach of the Court in dealing with such cases should be pragmatic rather than pedantic, realistic rather than doctrinaire, functional rather than formal and practical rather than precedential.

(2) This election appeal would have invited adjudication of the issue raised by the appellant but for the fact that the U. P. Legislative Assembly has since been dissolved, fresh elections having taken place and a fresh House having come into existence with newly elected representatives. Perhaps Shri Lekhi's client has a substantial grievance. It is also possible that the decision of the court below was wrong but we are not inclined to investigate the question at all and, therefore, do not propose to hear either Shri Lekhi or Shri Yogeshwar Prasad. The subsequent events we have adverted to have rendered this litigation so wholly unreal that it will be a waste of this court's time to consider the issues. For this reason we dispose of this appeal without adjudication.

PariksaPath · pariksapath.in

(3) Kabir is undoubtedly one of the greatest poets and mystic saints ever born in India. Through his life and poetry, he taught that all human beings are equal, all life represents interaction between God on the one hand, and the individual human soul on the other, and true salvation lies in achieving the union of both. Kabir's dohas contain social criticism as well as a rejection of religious hypocrisies like excessive austerity, rituals, chanting and other practices. Kabir's poems brim over with love for God, even as he asserts that both God and guru (teacher) can be known through direct experience. Kabir lived among the people, a humble weaver and an ordinary human being completely aware of his connection to God at every moment.

(4) Gandhiji practiced as a lawyer for over twenty years before he gave up the practice of the profession in order to devote all his time and energy to public service. The valuable experience and skill that he acquired in the course of his large and lucrative practice stood him in good stead in fighting his battles with the South African and British governments for securing political, economic and social justice for his fellow-countrymen. Year by year, the enlightened opinion of the world enshrines Gandhiji in a noble place in the hearts of mankind. The life and example of Mahatma who ennobled the legal profession, ought to form part of teaching and training of every law student.

(5) Leonardo-da-Vinci is known variously as an Italian painter, sculptor, architect, musician, engineer and scientist. This is because his versatile intelligence was applied to the observation and study of many things - from the anatomy of human beings, animals, birds and plants, to the devising of mechanical objects that later became universally known, such as the paddle boat, the robot, or even the umbrella. Deriving his name from Vinci, a hill village in Tuscany, near where he was born, Leonardo-da -Vinci is the foremost example of Renaissance genius and artistry. His drawings depict flying machines with scientific precision, many centuries before they came into existence. He is best remembered as the painter who painted the famous Mona Lisa and The Last Supper.



PariksaPath · pariksapath.in

2 Explain the meaning of the following Idioms : (any six) 6

(1) An Achilles' heel

(2) Autumn years

(3) A blue eyed boy

(4) Be penny-wise and pound-foolish

(5) It never rains but it pours

(6) Be in a saddle

(7) Be on top of the world

3 Choose the correct near synonym for each of the following words from the given options : 10

(1) Stable :
- (A) tottery
- (B) infirm
- (C) shaky
- (D) sound

(2) Manacle :
- (A) liberate
- (B) handcuff
- (C) detach
- (D) rescue

(3) Taste (verb) :
- (A) devotion
- (B) disgust
- (C) know
- (D) apathy

(4) Awesome :
- (A) stupendous
- (B) jading
- (C) usual
- (D) atrocious

(5) Good (noun) :
- (A) hex
- (B) boon
- (C) scourge
- (D) none of these

(6) Beautiful :
- (A) hideous
- (B) abhorrent
- (C) frumpy
- (D) comely

(7) Worth :
- (A) value
- (B) baseness
- (C) lousiness
- (D) debts

(8) Zenith :
- (A) minimum
- (B) abyss
- (C) base
- (D) apex

(9) Capture :
- (A) accord
- (B) procure
- (C) part with
- (D) yield

(10) Rupture :
- (A) weld
- (B) close
- (C) rift
- (D) merge

4 Choose the correct near antonym for each of the following words from the given options: **10**

(1) Wonder :

(A) miracle (B) caution

(C) prodigy (D) doldrums

(2) Manage :

(A) control (B) swing

(C) cope with (D) mess up

(3) Trouble :

(A) fret (B) fuss

(C) endure (D) bother

(4) Free :

(A) released (B) captive

(C) liberated (D) freed

(5) Fly :

(A) hover (B) soar

(C) glide (D) dwell

(6) Conflict :

(A) clash (B) disaccord

(C) concord (D) strife

(7) Human :

(A) humanoid (B) anthropoid

(C) earthborn (D) immortal

(8) Rest :

(A) dozing (B) ease

(C) strain (D) repose

(9) Untoward :

(A) recusant (B) defiant

(C) insubordinate (D) amiable

(10) Adverse :

(A) hostile (B) inimical

(C) negative (D) favorable



PariksaPath · pariksapath.in

## PART-II

5 આપેલા ફકરાઓનો અંગ્રેજીમાં અનુવાદ કરો : (કોઈ પણ ચાર) 24

(1) લકવાથી પીડાતો માણસ શવાસન કરે છે એવું ન કહેવાય. આળસું માણસ પણ પડી તો રહે છે પરંતુ શવાસનમાં, પડી રહેવા ઉપરાંત બીજી રીતે શિથિલ થવાનું હોય છે. એમાં માત્ર શરીરને જ નહીં, મનને પણ ઢીલું મૂકી દેવાનું હોય છે. ક્યારેક પવનમાં તણાતાં પંખીઓ જોવા મળે છે. તેઓ પાંખ પ્રસારીને પવનમય બનીને ઢીલું મૂકી દે છે. વિમાનનો ચાલક આમ ન જ કરી શકે કારણ તે વિમાન પાસે પંખીની હળવાશ નથી હોતી. ઘણાં માણસો એવા હોય છે કે ચામાચીડિયાની માફક આંટાફેરા માર્યા જ કરે. આંટાફેરા કર્યા સિવાય પોતાના અસ્તિત્વનો પરચો તેઓ નથી આપી શકતા. કેટલાક કાગડા માફક 'કા....કા' કર્યા કરે છે. તેઓને લાગે છે કે પોતે બોલે તેટલો વખત જ જીવતા હોય છે. તેઓ શાંત પડે એટલે જાણે બેંડવાજું બંધ પડી ગયું હોય એવું લાગે છે.

(2) પ્રત્યેક માનવી જીવનમાં કશુંક પામવા ઝંખે છે. કેટલાક લોકો ધનપ્રાપ્તિ માટે રાત ને દિવસ એક કરે છે, તો વળી કેટલાક યશપ્રાપ્તિ માટે મચી પડે છે. પ્રિયજનને પામવાની અદમ્ય ઈચ્છામાં કેટલાક લોકો જીવનભર શેકાતા રહે છે. બધી ઈચ્છા-આકાંક્ષાઓને અતિક્રમીને કેટલાક 'જાગતા નર' વળી સાક્ષાત જીવનને એટલે કે જીવનમાત્રના અધિષ્ઠાતા એવા તથાકથિત પરમેશ્વરને પામવા મથે છે. શું પામવું છે એ અંગેના ગૂંચવાડામાં જ ઘણાખરા લોકોનું આયખું પૂરું થઈ જાય છે. પ્રત્યેક વ્યક્તિમાં રહેલા સામાન્યપણા સાથે એનામાં રહેલું અસમાન્યપણું સતત અટવાતું રહે છે. જેની પાસે કશું જ અનન્ય કે આગવું ન હોય એવો કોઈ માણસ હજી આ પૃથ્વી પર જન્મ્યો નથી. આપણું જીવન એટલે રાતનો ઉજાગરો અને દિવસનું ઝોકું ! જીવનની રોજિંદી ઘટમાળ માણસને અંદરથી ફોલી ખાતી રહે છે અને છતાંય માણસ તો હરતોફરતો ને જીવતો જાગતો !

(3) સત્યાગ્રહાશ્રમની સ્થાપના 1915ના મેની 25મીએ અમદાવાદમાં થઈ. અમદાવાદ ઉપર મારી નજર ઠરી હતી. હું ગુજરાતી હોવાથી ગુજરાતી ભાષા મારફતે દેશની વધારેમાં વધારે સેવા કરી શકીશ એમ માનતો હતો. અમદાવાદ પૂર્વે હાથવણાટનું મથક હોવાથી રેંટિયાનું કામ અહીં જ વધારે સારી રીતે થઈ શકશે એવી પણ માન્યતા હતી. ગુજરાતનું પાટનગર હોવાથી અહીંના ધનાઢ્ય લોકો ધનની વધારે મદદ દઈ શકશે એ પણ આશા હતી. મકાનોની શોધ કરતાં, મને અમદાવાદમાં વસાવવામાં અગ્ર ભાગ લેનાર શ્રી જીવણલાલ બારિસ્ટર હતા, તેમનું કોચરબમાં આવેલ મકાન ભાડે લેવાનું ઠર્યું. આશ્રમનું નામ શું રાખવું એ પ્રશ્ન તુરત ઊઠ્યો. અમારે તો સત્યની પૂજા, સત્યની શોધ કરવી હતી, તેનો જ આગ્રહ રાખવો હતો, અને દક્ષિણ આફ્રિકામાં જે પદ્ધતિનો મેં ઉપયોગ કર્યો હતો તેની ઓળખ ભારતવર્ષમાં કરાવવી હતી. તેથી મેં અને સાથીઓએ સત્યાગ્રહાશ્રમ નામ પસંદ કર્યું.



PariksaPath · pariksapath.in

(4) જેના જીવનમાં કોઈ જ સંઘર્ષ ન આવ્યો હોય એવો આદમી હજી આ દુનિયા પર પેદા નથી થયો. કુમળી માટી સાથે સંઘર્ષમાં આવ્યા પછી જ તો એક લીલું તૃણ પોતાનું ડોકું બહાર કાઢીને હવાના સંપર્કમાં આવતું હોય છે. બાળકનો જન્મ એક અત્યંત પીડાકારક સંઘર્ષની ચરમસીમારૂપે થતો હોય છે. જગતમાં પીડા અને પ્રેમ કોઈ એક જ ક્ષણે એકબીજામાં ઓગળી જઈને એકાકાર બની રહેતાં હોય તો તે શિશુજન્મની ક્ષણે. ભાગ્યે જ કોઈ માતા નાસ્તિક હોઈ શકે. સંઘર્ષ અને સર્જનની આવી તીવ્રતમ પળ માત્ર માતાના જીવનમાં જ આવે છે. આ એક એવી પળ છે જ્યારે જાણે જન્મ અને મૃત્યુ સામસામે આવી જાય છે. હમણાં જીવ નીકળી જશે એવી પીડા માતા અનુભવતી હોય છે અને બરાબર એ જ વખતે નવજાત શિશુનું રુદન સંભળાય છે.

(5) "ઠરાવ ક્રમાંકઃ રજઅ/102020/યુ.ઓ.888/પી

સચિવાલય, ગાંધીનગર

તા. 01/04/2021

**આમુખઃ**

રાજ્યમાં પ્રવર્તમાન કોરોનાની પરિસ્થિતિમાં કોરોનાથી સંક્રમિત થતાં સરકારી અધિકારી / કર્મચારી, ફિક્સ પગારના કર્મચારીઓ તથા તમામ કરાર આધારિત અધિકારી / કર્મચારીઓને ખાસ કિસ્સામાં મેડિકલ રજાઓ મંજૂર કરવા અંગે ઘણી રજૂઆતો રાજ્ય સરકારને મળેલ હતી. પ્રસ્તુત બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવઃ**

પુખ્ત વિચારણાને અંતે આથી ઠરાવવામાં આવે છે કે, સરકારી અધિકારી/કર્મચારી, ફિક્સ પગારના કર્મચારીઓ તથા તમામ કરાર આધારિત અધિકારી/કર્મચારીઓ કોરોના પોઝિટિવ આવે અને તે અંગેનું અધિકૃત મેડિકલ સર્ટિફિકેટ રજૂ કરે તો આવા કર્મચારીને ખાસ કિસ્સામાં 10 દિવસની મેડિકલ રજા મંજૂર કરવાની રહેશે. આ 10 દિવસની રજા તેમના ખાતે જમા મેડિકલ રજાના હિસાબમાં ઉધારવાની રહેશે. પરંતુ, જો કોઈ કિસ્સામાં કર્મચારીના રજા હિસાબમાં આ હેતુ માટે 10 દિવસની મેડિકલ રજાઓ જમા ન હોય તો તે કિસ્સામાં પણ તેઓને 10 દિવસ સુધીની ખૂટતી મેડિકલ રજા મળવાપાત્ર થશે. આ જોગવાઈ કેલેન્ડર વર્ષ 2020 તેમજ કેલેન્ડર વર્ષ 2021 માટે લાગુ પડશે......"

6 નીચે આપેલા રૂઢિપ્રયોગોના સાચા અર્થ આપો : (કોઈ પણ 6) 6

(1) પી જવું

(2) મોહી જવું

(3) વારી જવું

(4) આંખ ઠેરવવી

(5) આળ ચડાવવું

(6) આંચ ન આવવી

(7) કાન ભંભેરવા



PariksaPath · pariksapath.in

7 નીચે આપેલા શબ્દોના સમાનાર્થી શબ્દો આપેલા વિકલ્પોમાંથી શોધો : 10

(1) સોડમ :

(A) સુગંધ (B) મહેરામણ
(C) અનિલ (D) પરિગ્રહ

(2) ધ્વનિ :

(A) ઓળખ (B) સમજૂતી
(C) સંરક્ષણ (D) રવ

(3) તરણું :

(A) વારણ (B) રાગ
(C) ઘાસ (D) ભારો

(4) સાહ્યબી :

(A) મહેફિલ (B) મોજમજા
(C) ધનવાન (D) જાહોજલાલી

(5) મુકરર :

(A) અધિક (B) સચેત
(C) નિશ્ચેત (D) નિશ્ચિત

(6) દસ્તૂર :

(A) રિવાજ (B) સંબંધ
(C) રિયાજ (D) મર્યાદા

(7) લકીર :

(A) નસીબ (B) સમય
(C) આભાસ (D) રેખા

(8) મર્યાદા :

(A) હક (B) ફરજ
(C) આમાન્યા (D) ધર્મ

(9) કંચન :

(A) કિંમત (B) સોનું
(C) કાચ (D) કથીર

(10) અલોપ :

(A) નાશ (B) અદૃશ્ય
(C) અધિક (D) અલ્પ

[ Contd...

PariksaPath · pariksapath.in

**8** નીચે આપેલા શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દો આપેલા વિકલ્પોમાંથી શોધો : **10**

(1) આદિ :

(A) શરૂઆત (B) અંત

(C) પ્રારંભ (D) રજૂઆત

(2) નિર્મળ :

(A) પવિત્ર (B) વિમલ

(C) શુદ્ધ (D) મલિન

(3) બળવાન :

(A) કોવિદ (B) વિદ્વાન

(C) બહાદુર (D) નિર્બળ

(4) ઉદ્યમી :

(A) આજ્ઞાંકિત (B) મહેનતુ

(C) કાજગરો (D) આળસુ

(5) ઉપકાર :

(A) પરોપકાર (B) અપકાર

(C) અહેસાન (D) પરમાર્થ

(6) અલ્પ :

(A) નિર્મૂલ્ય (B) સ્વલ્પ

(C) મૂલ્યવાન (D) અધિક

(7) સંયુક્ત :

(A) બૃહદ (B) વિશાળ

(C) વિભક્ત (D) સાથે

(8) અનુકૂળતા :

(A) માફક (B) સાનુકૂળતા

(C) સરળતા (D) પ્રતિકૂળતા

(9) ચિરાયુ :

(A) અલ્પાયુ (B) દીર્ઘાયુ

(C) ચિરકાળ (D) લાંબું આયુ

(10) મુશ્કેલ :

(A) ઢીલું (B) ઓછું

(C) સરળ (D) હલકું

---

PariksaPath · pariksapath.in